# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૪૬૬૩ તા.૧૪/૧૨/૨૦૨૦

પરિપત્ર- ૨૨૨૩

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શિક્ષણ વિદ્યાશાખાના એમ.એડ. (માસ્ટર ઓફ એજ્યુકેશન) અભ્યાસક્રમની ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા અન્વયે તા.૦૯/૧૨/૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ રૂબરૂ કાઉન્સેલિંગ બાદ ખાલી રહેતી બેઠકો પર ઓપન રાઉન્ડ દ્વારા પ્રવેશ પ્રક્રિયા તા.૧૫/૧૨/૨૦૨૦ થી તા.૧૮/૧૨/૨૦૨૦સુધીમાં નીચે જણાવેલ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના એમ.એડ. પ્રવેશનો રૂબરૂ કાઉન્સેલિંગ રાઉન્ડ તા.૦૯/૧૧૨/૨૦૨૦ પૂર્ણ થતાં ખાલી રહેલ બેઠકો માટે નીચે મુજબ નિણર્ય લેવામાં આવેલ છે.
- કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લઇ હવે એમ.એડ. પ્રવેશ માટે ઓપન રાઉન્ડ આપવામાં આવે છે. આ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓ એમ.એડ. પ્રવેશ ઇરછુક હોય અને અગાઉ એમ.એડ. પ્રવેશ માટે રજીસ્ટ્રેશન ન કરાવેલ, ફોર્મ રદ્દ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ રૂ.૧૦૦૦/-ની પેનલ્ટી સાથે પ્રવેશ લેવા ઈચ્છુક એમ.એડ. કોલેજ ખાતેથી એમ.એડ.ફોર્મ ભરી શકશે. તા.૧૫/૧૨/૨૦૨૦ થી ૧૮/૧૨/૨૦૨૦ સુધીમાં કોલેજો દ્વારા તમામ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
- કોવિડ-૧૯ મહામારીના સરકારશ્રીના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે રીતે કોલેજોએ ઓફલાઈન ફોર્મ ભરવાનું રહેશે. કોલેજો એ ફોર્મ ભરતા પહેલાં જે તે કોલેજમાં ખાલી જગ્યાઓ હોય તો જ કોલેજમાં પ્રવેશ ફોર્મ ભરી આપવાના રહેશે.
- સરકારશ્રીના પ્રવેશના નિયમો મુજબ દરેક કોલેજોની સ્ટ્રેન્થને ધ્યાને રાખી ૧૦% બેઠકો EWSની ભરવાની હોય છે. જે વિદ્યાર્થીઓ EWS કેટેગરીમાં પ્રવેશ લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ EWSનું પ્રમાણપત્ર રજુ કરેથી EWS કેટેગરીમાં પ્રવેશ પાત્ર થશે.
- એમ.એડ. કોલેજ ચલાવતા મંડળની સરકારશ્રીના પ્રવેશ ધોરણો મુજબ (મેનેજમેન્ટ ક્વોટા) ૧૫% બેઠકો ભરવાના અધિકાર મુજબ પ્રવેશ ફોર્મ ભરી મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જેની ચકાસણી યુનિવર્સિટી ખાતે કરાવી એપ્રુવલ લેવાની રહેશે.
- એમ.એડ. પ્રવેશની રૂબરૂ કાઉન્સેલિંગ પ્રક્રિયામાં રીજેક્ટ થયેલ છે. તેવા વિદ્યાર્થીઓ તેમની ભૂલો સુધારી જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરી ફરી ઓફલાઈન કોલેજનું ફોર્મ ભરી શકશે. આવા વિદ્યાર્થીઓના ફોર્મ રૂ.૧૦૦૦/- પેનલ્ટી સાથે સ્વીકારવામાં આવશે.
- એમ.એડ. પ્રવેશ સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ મુદ્દા તથા **NCTE**ના તમામ નિયમોને ધ્યાનમાં લઇ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. ફોર્મમાં કોઈ ક્ષતિ જણાશે તેવા તમામ ફોર્મ રદ્દ કરવામાં આવશે.

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન એમ.એડ. કોલેજોએ **NCTE** ના નિયમો મુજબ દરેક વિષયનું સીટમેટ્રિકની જાળવણીની માહિતી તા.૧૯/૧૨/૨૦૨૦ સુધીમાં બી.એડ. પ્રવેશ સમિતિને યુનિવર્સિટી ખાતે રજુ કરવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવશે.
- પ્રવેશના નિયમોમાં જરૂર જણાય ત્યાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર એમ.એડ.મધ્યસ્થ પ્રવેશ સમિતિનો રહેશે. પ્રવેશની તમામ માહિતી નીચે જણાવેલ ફોરમેટમાં આપવાની રહેશે.
- રૂ. ૧૦૦૦/- પેનલ્ટી ફી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી એડમીશન, ગોધરાના એચ.ડી.એફ.સી. બેન્કના ખાતા નં. ૫૦૨૦૦૦૩૯૫૯૮૬૩૯ **(IFSC CODE: HDFC0000784)** માં **RTGS/NEFT** થી તબદીલ/જમા કરાવી કોલેજના ફોરવર્ડીંગ લેટર અને લીસ્ટ સાથે રીસીપ્ટ જમા કરાવવાની રહશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ એમ.એડ. કોલેજોના આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કર્યવાહી કરવા સારૂં.
- એમ.એડ. પ્રવેશ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂં.

Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in